# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/293 Dt. 12/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## એસબીસી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રિમિયર લીગ ૪.૦નું ભવ્ય આયોજન

### ઉદ્‌ઘાટન સમારોહમાં સિનિયર્સ ગુજરાત મહિલા ક્રિકેટ ટીમના વિકેટ કીપર અને બેટ્સમેન સુશ્રી ગોપી મેંદપરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા, જ્યારે સમાપન સમારોહમાં અલ્ટ્રા મેરાથોન રનર સુશ્રી ખ્યાતિ પટેલ અને આંતરરાષ્ટ્રીય મેરાથોન રનર સુશ્રી રત્ના મહેતા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા

### એસબીસીની ૮ ટીમો વચ્ચે રમાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૯૦ સભ્યોએ ભાગ લીધો, ફાઇનલમાં એચઆર રાઇડર્સ વિજેતા, જ્યારે યોટેલ કા રાજા રનર્સ અપ રહયા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ડ્રિફ્ટ ફુડ પાર્ક એન્ડ ગેમ ઝોન, વેસુ, સુરત ખાતે એસબીસી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રિમિયર લીગ ૪.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ કમિટી દ્વારા છેલ્લા ચાર વર્ષથી સફળતાપૂર્વક આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યવસાયિક જગત અને રમત પ્રેમીઓને એકસાથે લાવવાનો હોય છે.

રવિવારે સવારે ૮:૦૦ કલાકે એસબીસી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રિમિયર લીગ ૪.૦નો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં સિનિયર્સ ગુજરાત મહિલા ક્રિકેટ ટીમના વિકેટકીપર અને બેટ્સમેન સુશ્રી ગોપી મેંદપરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્‌ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી તથા એસબીસીના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતું કે, એસબીસી ક્રિકેટ પ્રિમિયર લીગ ૪.૦ માત્ર એક રમતોત્સવ નથી, પરંતુ વ્યવસાયિકોમાં પરસ્પર સંવાદ, નેટવર્કિંગ અને સહકાર વધારવાનો એક સશક્ત મંચ છે. ટુર્નામેન્ટ દ્વારા રમતગમત પ્રત્યે ઉત્સાહ વધારવા સાથે આરોગ્ય, ટીમ સ્પિરિટ અને સંસ્થાગત એકતાનો સંદેશ આપવામાં આવે છે.

અતિથિ વિશેષ સુશ્રી ગોપી મેંદપરાએ જણાવ્યું હતું કે, સ્પોર્ટ્સ માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં પરંતુ શિસ્ત, સંઘભાવના અને આત્મવિશ્વાસ વિકસાવવા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. આવી ટુર્નામેન્ટ્સ રમત પ્રત્યે ઉત્સાહ વધારવાની સાથે ટીમવર્ક અને સકારાત્મક વિચારોનું સર્જન કરે છે, જે જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી સાબિત થાય છે.

રવિવારે દિવસ દરમ્યાન સવારે ૮:૩૦ કલાકથી રાત્રે ૮:૩૦ કલાક સુધી ૮ ટીમો વચ્ચે ક્રિકેટ મેચો રમાઇ હતી, જેમાં એસબીસીના ૯૦ સભ્યોએ ભાગ લીધો હતો. રવિવારે રાત્રે ૯:૩૦ કલાકે સમાપન સમારોહ યોજાયો હતો, જેમાં અલ્ટ્રા મેરાથોન રનર સુશ્રી ખ્યાતિ પટેલ અને આંતરરાષ્ટ્રીય મેરાથોન રનર સુશ્રી રત્ના મહેતા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. તેઓએ જણાવ્યું હતું કે, ક્રિકેટ તથા અન્ય રમતગમત વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવા, લક્ષ્ય પ્રત્યે સમર્પિત રહેવા અને સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેવાની પ્રેરણા આપે છે. આવા રમતોત્સવો સમાજમાં આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવાનો સકારાત્મક સંદેશ આપે છે.

એસબીસીની ૮ ટીમો વચ્ચે રમાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાઇનલમાં એચઆર રાઇડર્સ વિજેતા રહયા હતા, જ્યારે યોટેલ કા રાજા રનર્સ અપ રહયા હતા.

ચેમ્બરના હોદ્દેદારોએ એસબીસી ક્રિકેટ પ્રિમિયર લીગ ૪.૦ના સફળ આયોજન માટે ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા, એસબીસી કમિટીના એડવાઇઝર શ્રી તપન જરીવાલા અને ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિ તથા કો–ચેરમેનો શ્રી નિરવ બરફીવાલા, શ્રી ભાવન શાહ અને શ્રી અમિત પટેલ તેમજ કો–ઓર્ડિનેટર શ્રી જયમીન શેઠને બિરદાવ્યા હતા.